# BUSINESS મિત્ર Plus

## નબળા જોબ ડેટા પછી ડાઉ-નૈસ્ડેક અને બીટકોઈન વધ્યા

રિઝર્વ બેન્કના ગવર્નર સંજય મલહોત્રાએ આગામી ક્રાઈસીસ જીઓપોલિટિકસ, સાયબર એટેક કે ટેકનોલોજી ફેઈલ્યરને કારણે હોઈ શકે એમ કહી ચેતવણીનો સૂર ઉચ્ચાર્યો છે. નાણાંમંત્રી ડો નિર્મલા સિતારામને તાજેતરમાં કહ્યુ કે એઆઈ એવી બેધારી તલવાર છે જે ફ્રોડ ડિટેકશનને ઝડપી બનાવે છે પણ સાથોસાથ સાયબર હુમલાઓના રિસ્કને પણ ઉજાગર કરે છે. નાણાંપ્રણાલીમાંથી ઉઠેલો સાવચેતીનો સૂર સમય વર્તે સવધાન જેવો છે.

ઘરઆંગણે જીડીપી વિકાસદર ઘણો મજબૂત છે. કેપેકસ સાયકલ મજબૂત છે. પણ ચોમાસું ૧૩ ટકાની ખાધ સાથે પુરુ થયું છે. ઘણા ખરા વિસ્તારોમાં વરસાદની ખાધ મોટી હોઈ ખરિફ પાકોમાં સોયાબીન- તૂવેર-મગફળી-મકાઈ અને રવી ફસલ માટે ચણા-સરસવ-ઘઉ જેવા પાકોમાં ઉત્પાદન ઉતારા પર પંડિતોની નજર છે. વૈશ્વિક એનર્જી અને ફુડ સાયકલ તેજીની હોઈ પોલીસી મેકર્સને આયાતી ફુગાવાની ચિંતા છે. ડિઝલની તેજીને ડામવા જી-સાત દેશોએ તેલ રિઝર્વમાંથી ૧૦૦ મિલિયન બેરલ ક્રુડ અને ડિઝલ બજારમાં ઠાલવવાનું એલાન કર્યા પછી બ્રેન્ટ ક્રુડ ક્ષણિક ઘટીને ૯૬.૬૦ થઈ ફરી ૧૦૨.૨૮ ડોલર થઈ ગયું. અમેરિકામાં ડિઝલના ભાવ ૬૫.૦ ડોલર ઓલટાઈમ હાઈ થઈ ગયા છે. અમેરિકી પ્રમુખ ટ્રમ્પે અમેરિકા ડિઝલની નિકાસ પર બાન મુકે એવી હિન્ટ આપી છે. રશિયાએ છ માસથી ડિઝલની નિકાસ રોકી છે. એનર્જી શોકની પીડા શમે ના શમે ત્યાં બ્લેક સી યુક્રેન-રશિયા વોરથી અનાજ કટોકટીની શકયતા વધી ગઈ છે. વિશ્વભરમાં શિપિંગ ફ્રેઈટ અસાધારણ ઉંચા થઈ ગયા છે.

દરમિયાન ફલાય દુબઈ ટેરર એટેકમાં કેપ્ટન સ્મિત મચ્છરના અપ્રતિમ શૌર્યથી ૧૭૪ મુસાફરો બચી ગયા, અને મધ્યપૂર્વ એક મોટી ક્ટોકટીમાં સપડાતા ગયું. જો કે આ ઘટનાનો પદાર્થપાઠ એ છે



કે બેડ એકટર્સને પારખવામાં કયા સુરક્ષાચૂક થઈ ગઈ? અમેરિકામાં ૩ ઓકટોબરે ચૂંટણી છે, ઈઝરાયેલમાં

**અમેરિકી મીડટર્મ ચૂનાવ શાસકપક્ષ માટે લોઢાના ચણા- આરબીઆઇ બુધવારે રેટ વધારશે?**

૨૭ ઓકટોબરે ચૂંટણી છે. એવે ટાકંણે ફલાય દુબઈનો કિસ્સો જીઓપોલિટિકલ રિસ્ક એસેસમેન્ટ મામલે મોટો કેસ સ્ટડી બને એવો છે.

વૈશ્વિક બજારોની વાત કરીએ તો શુક્રવારે અમેરિકી જોબ ડેટામાં સપ્ટેમબર માસમાં રોજગારીમાં ૨૯૦૦૦ જેવો મામૂલી વધારો થયો, આગાહી ૯૦૦૦૦ના વધારાની હતી. સોફ્ટ જોબ ડેટા પછી હવે ડિસેમ્બરમાં વ્યાજદર વધારાની સંભાવના ઘટી ગઈ છે એ સમજી બજારોએ હાલ પુરતો રાહતનો શ્વાસ લીધો છે. ડાઉ-નૈસ્ડેક લગભગ ઓલટાઈમ નજીક બંધ રહ્યા છે. અમેરિકી બોન્ડ યિલ્ડ ૨૨ વરસના હાઈ ૫.૨૩ અને ૩૦ વરસના બોન્ડ યિલ્ડ ૫.૬૨ થયા હતા મતલબ કે બોન્ડ બજારમાં અંડરટોન નરમાઈઉનો છે. અમેરિકાનું ૪૦ ટ્રિલિયન ડોલર ડેબ્ટ, મોંઘવારી અને મીડ ટર્મ ચૂંટણીમાં પ્રમુખ ટ્રમ્પનું રેટિંગ તળીયે છે. વોર-મોંઘવારી-ટોચના રાજદ્વારીઓમાં કરપ્શન મતદારોના અસંતોશનું મોટુ કારણ છે અને ચૂંટણીના પરિણામો શાસક પક્ષ માટે નેગેટિવ સરપ્રાઈઝ આપી શકે છે.

ઘરઆંગણે શેરબજારોમાં ધીમો ઘસારો છે. સ્થાનિક મેક્રો પરિબળો પોઝિટિવ છે પણ બાહ્ય પરિબળો, ખાસ કરીને એફઆઈઆઈ ઈકવીટી-બોન્ડમાં વેચવાલ હોઈ ડોલર આઉટફલો છે. અલ નીનોને કારણે અનાજની મોંઘવારી ૬ ટકા નજીક

**બીરેન વકીલ**

અને જથ્થાબંધ ભાવાંક ૯.૯૨ ટકા થઈ ગયો છે. બુધવારે રિઝર્વની બેન્કની બેઠકમાં ૨૫ બેસીસ પોઈન્ટ દર વધીને રેપોરેટ ૫.૫૦ ટકા થવાની ધારણા છે. નિફ્ટી ૨૬૨૦૦ના ટોપથી તૂટીને ૨૨૨૦૦ થઈ ૨૨૪૦૦ આસપાસ બંધ રહ્યું. ૨૨૧૫૦ મલ્ટીપલ સપોર્ટ છે અને એ હોલ્ડ ન થાય તો ૨૧૭૦૦ સુધીની સંભાવના ખૂલી શકે. સેન્સેક્સ પણ ૮૬૨૦૦થી તૂટીને ૭૧૯૦૦ નજીક આવી ગયો છે. અલ નીનો-ગરમીને કારણે ડિમાન્ડ વધીને ૨૬૦ ગીગીવોટ થઈ ગઈ છે. નીચા જળસ્તર, અપુરતા વરસાદને કારણે હાઈડ્રોપાવર જનરેશન ૧૦ ટકા ઘટ્યું છે. કોલસોના સ્ટોક પણ નીચો છે. શેરબજાર-બોન્ડ અને કરન્સી આઉટલુકના પરિપેક્ષ્યમાં જોઈએ તો ૧૦૦ ડોલર ઉપર ક્રુડ, રૂપિયાની નરમાઈ, વધતી મેંઘવારી, અને વૈશ્વિક બોન્ડ યિલ્ડમાં ઉછાળો નજીકના ગાળા માટે પડકારો છે. અલ નીનો અને તાપમાન રવી પાકો માટે નિર્ણાયક રહેશે એટલે એને પર ધ્યાનમાં રાખવુ પડે.

રૂપિયાની વાત કરીએ તો અંદાજે બે મહીના રૂપિયો ૯૪.૪૦-૯૬.૪૦ની રેન્જમાં અથડાઈ ૯૬.૩૧ બંધ હતો. ચાર્ટ પર રેકટેન્ગલ બનતો દેખાય છે. રૂપિયો ૯૬.૬૬ ઉપર સ્ટેબલ થાય તો ૯૮.૬૦-૯૮.૮૦ સુધીના ટેકનીકલ લક્ષ દેખાય છે. રૂપિયાની નરમાઈ ધીમી રહે એ માટે રિઝર્વ બેન્ક ડોલરમાં એકટિવ સેલર હતી. ફોરેકસરિઝર્વ ઘણી કમ્ફર્બરટેલ છે, રિઝર્વ બેન્કનું લક્ષ રૂપિયામાં અનહેલ્ધી વધઘટ રોકવાનું છે અને એમાં એ સફળ રહી છે.

સોનાચાંદી-મેટલ્સ રેન્જબાઉન્ડ-ધીમા ઘસારામાં છે. સોનું ૪૧૦૦-૪૫૦૦ અને ચાંદી ૬૦-૬૯ની રેન્જમાં છે. ચીન આખુ વીક બંધ છે એટલે મેટલ્સમાં કલેરીટી નથી. અમેરિકી મીડટર્મ ચૂંટણીના સર્વેક્ષણો ભારતીય સમય મુજબ ૪ નવેમ્બર બપોરથી આવશે. મીડટર્મ પરિણામોને આધારે આગામી ગ્લોબલ જીઓપોલિટિકસ ( ઈરાન-યુક્રેન-તાઈવાન મુદ્દા) અને જીઓઈકોનોમિકસ (ટેરિફ- સેંકશન વેપનાઈઝેશન) જેવા મુદ્દા ગ્લોબલ ઈકવીટીઝ, બોન્ડ, ક્રિપ્ટો અને કરન્સી માટે નિર્ણાયક બનશે. હાલ ઈકવીટી-એઆઈ બબલ રિસ્કની ચર્ચા વચ્ચે બીટકોઈન ત્રણ વીકથી તેજીમાં છે. ૬૬૦૦૦થી વધીને ૮૫૦૦૦ સુધી પહોચ્યો છે. સેમીકંડકટર રોકસ્ટાર એનવીડીયા છ ટ્રિલિયન માર્કેટ કેપને આંબવા આતુર છે. એશિયાઈ ઈમર્જિંગ બજારોમાં હોંગકોંગ અને, લેટિન અમેરિકી કરન્સીમાં મેકિસન પેસો ઘણા કમજોર છે. બ્રાઝિલમાં ચૂંટણીમાં લુલા-બોલ્સોનોરો વચ્ચે કાંટેકી ટકકર છે.

## ભારતીય શેરબજારમાંથી FIIની મૂડી સતત પાછી ખેંચાવાનું કારણ શું?

FII (વિદેશી સંસ્થાકીય રોકાણકારો) દ્વારા થઈ રહેલી સતત વેચવાલી શેરબજાર માટે ચિંતાનો મોટો વિષય બનેલી છે. કારણો ભલે ગમે તે હોય, પરંતુ બજારમાંથી નાણાંનો આઉટફ્લો ચાલુ જ છે. સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે શુક્રવારે પુરા થયેલા શેરબજારના સપ્તાહમાં છેલ્લા ત્રણ દિવસમાં આ વેચવાલીમાં અચાનક મોટો ઉછાળો જોવા મળ્યો છે. માત્ર ૩ દિવસમાં જ FIIની વેચવાલી કુલ રૂ. ૨૯,૬૧૨.૮૫ કરોડ પર પહોંચી ગઈ છે. ભારતીય બજારોમાંથી મૂડી પાછી ખેંચવાના આ સિલસિલા પાછળ કયા પરિબળો કામ કરી રહ્યા છે? ભારતમાં AI ક્ષેત્રે મર્યાદિત વિકલ્પો હોવા, આઇટી ટેક સેક્ટર માટેની ચિંતાઓ, ક્રૂડ ઓઇલના વધતા ભાવથી લઈને મજબૂત થતા યુએસ ડોલર સુધીના અનેક પરિબળો એફઆઇઆઇની વેચવાલીને બળ આપી રહ્યા છે. આ બધામાં વૈશ્વિક

**ભારતમાં AI ક્ષેત્રે મર્યાદિત વિકલ્પો હોવા, આઈટી ટેક સેક્ટર માટેની ચિંતાઓ, ક્રૂડ ઓઈલના વધતા ભાવથી લઈને મજબૂત થતા યુએસ ડોલર સુધીના અનેક પરિબળો એફઆઈઆઈની વેચવાલીને બળ આપી રહ્યા છે**

સ્તરે સૌથી નવો રેડ ફ્લેગ અને મોટી ચિંતાનો વિષય યુએસ ૧૦-વર્ષ બોન્ડ યીલ્ડ છે. તે છેલ્લા એક મહિનાથી અનેક દાયકાની સર્વોચ્ચ સપાટીએ પહોંચી રહ્યો છે. યુએસ ૧૦-વર્ષ યીલ્ડ ૫.૩૪% ની સપાટીએ પહોંચી ગયો છે, અને ૫.૪૪% થી ઉપર બંધ થવું એ 'મેક-ઓર-બ્રેક' સપાટી માનવામાં આવે છે. ઘણા નિષ્ણાતોનું માનવું છે કે ચોમાસાની ખાધ અને સમગ્ર દેશમાં દુષ્કાળ જેવી પરિસ્થિતિનું ઊભું થયેલું જોખમ આ ચિંતામાં વધુ ઉમેરો કરી રહ્યું છે. ૨૦૨૬માં FII વેચવાલી રૂ. ૪ લાખ કરોડને પારઃ માસિક વિગતોવર્ષ ૨૦૨૬માં અત્યાર સુધીમાં, FII એ અંદાજે રૂ. ૪.૦૩ લાખ કરોડની ઇક્વિટીની ચોખ્ખી વેચવાલી કરી છે. રસપ્રદ વાત એ છે કે, આ વર્ષના કુલ આઉટફ્લોમાંથી ૧૦% થી વધુ એકલા સપ્ટેમ્બર મહિનામાં થયો હતો. તેઓ દરેક એક મહિનામાં ચોખ્ખા વેચવાલ રહ્યા છે, જેમાં માર્ચ મહિનામાં રૂ. ૧.૨ લાખ કરોડથી વધુનો નેટ આઉટફ્લો જોવા મળ્યો હતો.

**FII વેચવાલી ઝડપી બનવાના ૩ મુખ્ય કારણો**

જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં આઉટફ્લોની ગતિ થોડી ધીમી પડી હતી, પરંતુ સપ્ટેમ્બરમાં તે ફરી ઝડપી બની હતી. આ પાછળ મુખ્યત્વે નીચેના



પરિબળો જવાબદાર છે:

૧. યુએસ ટ્રેઝરી યીલ્ડમાં ઉછાળો: ૧૦-વર્ષનો યીલ્ડ ૨૪ વર્ષની સર્વોચ્ચ સપાટીએ

હાલમાં બજારની સૌથી મોટી ચિંતા યુએસ બોન્ડ યીલ્ડમાં થયેલો તીવ્ર ઉછાળો છે. તે હવે ૨૦૦૨ પછીના સર્વોચ્ચ સ્તરે એટલે કે ૨૪ વર્ષની ઊંચાઈએ પહોંચી ગયો છે. પરિણામે, વૈશ્વિક સ્તરે 'રિસ્ક-ઓફ' (જોખમથી દૂર રહેવાનું) વાતાવરણ ઊભું થયું છે અને અન્ય તમામ બેંચમાર્ક યીલ્ડ પણ ઊંચા ગયા છે. જીઓજિત ઇન્વેસ્ટમેન્ટ્સના ચીફ ઇન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ ડો. વી. કે. વિજયકુમારે સમજાવ્યું કે, "બજાર છેલ્લા બે મહિનાથી વધુ સમયથી નબળું અને સતત નીચે તરફ જઈ રહ્યું છે. છેલ્લા ચાર ટ્રેડિંગ દિવસો દરમિયાન FII વેચવાલીમાં મોટો ઉછાળો આવ્યો છે. આનું સૌથી મહત્વનું કારણ યુએસ બોન્ડ યીલ્ડમાં આવેલો ઉછાળો છે, જેમાં ૧૦-વર્ષનો યીલ્ડ ૫.૨% ની સપાટી વટાવી ગયો છે." બજારના નિષ્ણાત અજય બગ્ગા માને છે કે FII વેચવાલી વધવા પાછળનું મુખ્ય કારણ આ જ છે. ડોલર ઇન્ડેક્સ (DXY) હાલમાં ૧૦૧-૧૦૨ ની આસપાસ ટ્રેડ થઈ રહ્યો છે, જે જૂન પછીનો સૌથી ઉચ્ચ સ્તર છે અને ૨૦૨૬માં અત્યાર સુધીનો સૌથી ઊંચો ઉછાળો છે.

**વીતેલા સપ્તાહમાં FII વેચવાલીની વિગતઃ**

| તારીખ | ચોખ્ખી FII વેચવાલી (રૂ. કરોડમાં) |
|---|---|
| ૦૧ ઓક્ટોબર | -૯,૪૮૪.૨૨ |
| ૩૦ સપ્ટેમ્બર | -૧૦,૧૪૮.૪૧ |
| ૨૯ સપ્ટેમ્બર | -૯,૯૮૦.૨૨ |
| ૨૮ સપ્ટેમ્બર | -૫,૩૫૩.૨૨ |
| ૨૫ સપ્ટેમ્બર | -૩,૬૯૩.૯૩ |
| ૨૪ સપ્ટેમ્બર | -૫,૦૨૭.૩૬ |

૨. સતત ૧૦૦ ડોલર પર રહેલું ક્રૂડ મોંઘવારી અને રૂપિયા પર બોજ વધારી રહ્યું છે

ભારત જેવા તેલની આયાત કરતા દેશ માટે બીજી મોટી ચિંતા માર્ચથી સતત વધી રહેલા ક્રૂડ ઓઇલના ભાવ છે.

યુએસ-ઈરાન વિવાદ ચાલુ રહેવાને કારણે જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ક્રૂડના ભાવમાં આશરે ૬૫% નો ઉછાળો આવ્યો છે. સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે તે ૬ મહિનાથી વધુ સમયથી પ્રતિ બેરલ $૧૦૦ ની આસપાસ ટ્રેડ થઈ રહ્યું છે.

અજય બગ્ગાના જણાવ્યા મુજબ, "યુએસ-ઈરાન યુદ્ધ વધવાની આશંકાથી ઊભું થયેલું ભૂરાજકીય જોખમ બીજું કારણ છે, જેના કારણે તમામ પ્રકારની એસેટ્સમાં રિસ્ક-ઓફ સેન્ટિમેન્ટ જોવા મળી રહ્યું છે. કોટકના શ્રીકાંત ચૌહાણે ઉમેર્યું કે, "મુખ્ય ચિંતા એ છે કે ક્રૂડ ઓઇલના ભાવ લાંબા સમય સુધી $૧૦૦ ની ઉપર ટકી રહ્યા છે. તેનાથી વૈશ્વિક સ્તરે ફુગાવાનો (મોંઘવારી) ટ્રેન્ડ ઊભો થઈ રહ્યો છે. યુએસ ફેડે વ્યાજદરમાં વધારો કર્યો છે અને ડિસેમ્બરમાં વધુ વધારાના સંકેત આપ્યા છે. આરબીઆઈ પણ આગામી પોલિસીમાં વ્યાજદર વધારવા પર વિચાર કરી શકે છે."

૩. ચોમાસાની ૧૩% ઘટ: દુષ્કાળના જોખમથી મોંઘવારી ભડકવાની આશંકા

**ઈકોનોમી ઈન્સાઈડર**

ભારતની સ્થાનિક પરિસ્થિતિએ ફુગાવાની ચિંતાઓમાં વધારો કર્યો છે. દેશમાં ગ્રોથ મોમેન્ટમ ચાલુ રહ્યું છે, પરંતુ વરસાદની ખાધ હવે ધારણા કરતાં વધુ ગંભીર સમસ્યા બની રહી છે.

મહારાષ્ટ્રે પહેલાથી જ દુષ્કાળ જાહેર કરી દીધો છે, અને અન્ય કેટલાક રાજ્યો પણ આવી જ સ્થિતિનો સામનો કરી રહ્યા છે. આ બાબતે ફુગાવાના ભયને વધુ ભડકાવ્યો છે. અજય બગ્ગાના જણાવ્યા અનુસાર, "તેલના ભાવ વધવાની સાથે ભારતના ફુગાવા અને વેપાર ખાધ માટેનું આઉટલુક બગડ્યું છે. ભારતીય બોન્ડ યીલ્ડ વધવા છતાં રૂપિયો વધુ ગગડ્યો છે. FIIના સતત આઉટફ્લો માટે આ ત્રીજું મુખ્ય કારણ હતું, જેમાં PSU બેંકોમાં પણ ભારે વેચવાલી જોવા મળી છે."

**RBI પોલિસી અને મેક્રો ટ્રિગર્સ પર નજર**

ઓક્ટોબર મહિનાની શરૂઆત પણ નબળી રહી છે, જેમાં પ્રથમ ટ્રેડિંગ સેશનમાં જ રૂ. ૯,૦૦૦ કરોડથી વધુનો આઉટફ્લો નોંધાયો છે.

હવે સૌની નજર આ અઠવાડિયે આવનારી RBIની ક્રેડિટ પોલિસી અને દુષ્કાળની સ્થિતિ આગળ જતાં કેવું સ્વરૂપ લે છે તેના પર છે. અમેરિકા-ઈરાન પરિસ્થિતિમાં ઉકેલના કોઈ સંકેતો અને બોન્ડ યીલ્ડમાં ઘટાડો થાય તો તેને પ્રોત્સાહક ઘટનાક્રમ ગણવામાં આવશે.

## 2025ના વર્ષમાં ભારતીય પરિવારોની મિલકતો કરતા દેવું ખુબ ઝડપથી વધ્યું




૨૦૨૫માં ભારતીય પરિવારોએ તેમની નાણાકીય સંપત્તિમાં ઉમેરો કર્યો હતો, પરંતુ તેમની જવાબદારીઓ નોંધપાત્ર રીતે વધુ ઝડપથી વધી હતી, જેના કારણે સંપત્તિ સંચયની ઝડપ પર દબાણ આવ્યું છે. એલિઆન્ઝ ગ્લોબલ વેલ્થ રિપોર્ટ ૨૦૨૬ અનુસાર, વર્ષ દરમિયાન કુલ નાણાકીય સંપત્તિમાં ૯ ટકાના વૃદ્ધિ દરની સરખામણીએ પરિવારોની જવાબદારીઓ(દેવા)માં ૧૪.૩ ટકાનો વધારો થયો હતો. આ તફાવત દર્શાવે છે કે જ્યારે પરિવારોએ બચત અને રોકાણનું નિર્માણ ચાલુ રાખ્યું, ત્યારે ઉધારીમાં થયેલા વધારાએ લાભનો મોટો હિસ્સો શોષી લીધો છે. પરિણામે, ૨૦૨૫માં શુદ્ધ નાણાકીય સંપત્તિમાં માત્ર ૬.૮ ટકાનો વધારો થયો હતો, જે કુલ નાણાકીય સંપત્તિની વૃદ્ધિ કરતાં ધીમો હતો.

એલિઆન્ઝે જણાવ્યું હતું કે ભારતીય પરિવારો પાસે રહેલી ગ્રોસ નાણાકીય સંપત્તિ ૨૦૨૫માં ૯ ટકા વધીને ૫.૩ ટ્રિલિયન ડોલર થઈ ગઈ છે. આ વૃદ્ધિ દર ૮.૬ ટકાના વૈશ્વિક સરેરાશ કરતાં સહેજ આગળ હતો, જો કે તે દર આ રિપોર્ટમાં આવરી લેવાયેલા એશિયન અર્થતંત્રો(જાપાન અને ચીન સિવાય)ના ૯.૮ ટકાના સરેરાશ કરતાં નીચે હતો. આ વૃદ્ધિ વિવિધ નાણાકીય ઉત્પાદનોમાં એકસમાન રીતે વહેંચાયેલી ન હતી.

**જ્યારે પરિવારોએ બચત અને રોકાણનું નિર્માણ ચાલુ રાખ્યું, ત્યારે ઉધારીમાં થયેલા વધારાએ લાભનો મોટો હિસ્સો શોષી લીધો છે. પરિણામે, ૨૦૨૫માં શુદ્ધ નાણાકીય સંપત્તિમાં માત્ર ૬.૮ ટકાનો વધારો થયો હતો**

વિમો અને પેન્શનમાં સૌથી ઝડપી ૧૧.૪ ટકાનો વધારો નોંધાયો હતો, ત્યારબાદ ડિપોઝિટમાં ૯.૮ ટકા અને સિક્યોરિટીઝ(શેર/બોન્ડ્સ)માં ૬.૧ ટકાનો વધારો થયો હતો. જો કે, બેંક ડિપોઝિટ ભારતીય પરિવારોની નાણાકીય સંપત્તિનો સૌથી મોટો હિસ્સો બની રહી હતી, જે પોર્ટફોલિયોના ૪૦.૨ ટકા હિસ્સાનું પ્રતિનિધિત્વ કરતી હતી. સિક્યોરિટીઝનો હિસ્સો ૩૨.૭ ટકા હતો, જ્યારે લાઈફ ઈન્સ્યોરન્સ અને પેન્શન એસેટ્સનો હિસ્સો ૨૬.૭ ટકા હતો. આનાથી ભારતનું પોર્ટફોલિયો માળખું એવા બજારો કરતાં અલગ પડે છે જ્યાં પરિવારો શેર અને અન્ય માર્કેટ-લિંક્ડ એસેટ્સમાં વધુ એક્સપોઝર ધરાવે છે. એલિઆન્ઝના જણાવ્યા અનુસાર, ૨૦૨૫માં ભારતીય પરિવારોની જવાબદારીઓ ૧૪.૩ ટકા વધીને $૧.૫૯ ટ્રિલિયન થઈ ગઈ છે. તે નાણાકીય સંપત્તિમાં થયેલા ૯ ટકાના વધારા કરતાં નોંધપાત્ર રીતે ઝડપી હતી. નાણાકીય સંપત્તિમાંથી જવાબદારીઓને બાદ કર્યા પછી શુદ્ધ નાણાકીય સંપત્તિની ગણતરી કરવામાં આવે છે. પરિણામે, વર્ષ દરમિયાન ભારતની શુદ્ધ નાણાકીય સંપત્તિમાં ૬.૮ ટકાનો વધારો થયો હતો.

વૈશ્વિકચિત્ર સાથેનો આ વિરોધાભાસ નોંધપાત્ર છે. વિશ્વભરમાં, ૨૦૨૫માં પરિવારોની નાણાકીય સંપત્તિમાં ૮.૬ ટકાનો વધારો થયો હતો, જ્યારે જવાબદારીઓ માત્ર ૩.૪ ટકા વધીને ૫૬.૯ ટ્રિલિયન યુરો થઈ હતી. ભારતમાં ૨૦૨૫માં તેનાથી વિપરીત બેલેન્સ-શીટ પેટર્ન જોવા મળી, સંપત્તિ કરતાં જવાબદારીઓ ઝડપથી વધી છે. વૈશ્વિક શુદ્ધ નાણાકીય સંપત્તિ ૧૦.૧ ટકા વધીને ૨૧૧.૫ ટ્રિલિયન યુરો થઈ ગઈ છે. આ રિપોર્ટ ભારતના ૧૪.૩ ટકાના દેવાની વૃદ્ધિને વ્યક્તિગત લોન કેટેગરીઝ (જેમ કે હોમ લોન, પર્સનલ લોન વગેરે) અનુસાર અલગ

**પ્રોપર્ટી માર્કેટ**

પાડતો નથી. તેથી, માત્ર આ આંકડો એ સ્થાપિત કરી શકતો નથી કે વિવિધ પ્રકારની લોનમાંથી કેટલો વધારો થયો છે.

શુદ્ધ સંપત્તિની વૃદ્ધિમાં એક વર્ષના આ ધીમા દરને ભારતની લાંબા ગાળાની કામગીરીના સંદર્ભમાં જોવાની જરૂર છે. મોંઘવારીને એડજસ્ટ કર્યા પછી, ૨૦૧૯ની સરખામણીમાં ૨૦૨૫માં ભારતીય પરિવારોની નાણાકીય સંપત્તિ ૫૭ ટકા વધુ હતી. આની સરખામણીએ એલિઆન્ઝ દ્વારા આવરી લેવાયેલા એશિયન દેશો (જાપાન અને ચીન સિવાય) માટે ૩૯.૬ ટકા અને વૈશ્વિક સ્તરે ૨૨.૯ ટકાની વાસ્તવિક વૃદ્ધિ થઈ હતી. એકલા ૨૦૨૫માં, ફુગાવાને ધ્યાનમાં લીધા પછી ૯ ટકાની નોમિનલ ફાઈનાન્શિયલ-એસેટ ગ્રોથ ૬.૭ ટકાની વાસ્તવિક વૃદ્ધિમાં પરિણમી હતી.

તેથી, જવાબદારીઓમાં ઝડપી વધારા છતાં, ભારતીય પરિવારોએ છેલ્લા છ વર્ષમાં નાણાકીય સંપત્તિનો નોંધપાત્ર રીતે મોટો પૂલ બનાવ્યો છે. રિપોર્ટ ભારતમાં નાણાકીય સંપત્તિના નોંધપાત્ર કેન્દ્રીકરણ તરફ પણ આંગળી ચીંધે છે. ભારતના સૌથી ધનિક ૧૦ ટકા પરિવારો ૨૦૨૫માં ૬૫ ટકા શુદ્ધ નાણાકીય સંપત્તિ ધરાવતા હતા. ૨૦૦૫ અને ૨૦૨૫ વચ્ચે તેમનો હિસ્સો ૬.૮ ટકા વધ્યો છે.

પરિવારો માટે આ આંકડાઓનો અર્થ શું છે?

ભારતીય બચતકર્તાઓ માટે, રિપોર્ટ માત્ર સંપત્તિમાં સાદા વધારાને બદલે ત્રણ અલગ-અલગ ટ્રેન્ડ્સ પર પ્રકાશ પાડે છે:

૧. નાણાકીય સંપત્તિ સતત વધી રહી છે, અને ૨૦૧૯ પછી તેમનું વાસ્તવિક મૂલ્ય નોંધપાત્ર રીતે વધ્યું છે.

૨. દેવું અથવા ઋણ તે સંપત્તિઓ કરતાં ખૂબ ઝડપથી વધી રહ્યું છે, જે શુદ્ધ નાણાકીય સંપત્તિના વધારાને ધીમો પાડી રહ્યું છે.

૩. ડિપોઝિટ્સ હજુ પણ ઘરગથ્થુ પોર્ટફોલિયોમાં મોટો હિસ્સો ધરાવે છે, ભલે ઈન્સ્યોરન્સ, પેન્શન અને માર્કેટ-લિંક્ડ રોકાણોનો વિસ્તાર થઈ રહ્યો હોય.

એલિઆન્ઝનું ભારત વિશ્લેષણ તેથી માત્ર ગ્રોસ બચતને બદલે ઘરગથ્થુ બેલેન્સ શીટ પર વધુ ભાર મૂકે છે. એલિઆન્ઝ સર્વિસિસના ઈન્ડિયા કન્ટ્રી હેડ રિતુ અરોરાએ જણાવ્યું હતું કે ૨૦૨૫ના આંકડા દર્શાવે છે કે માત્ર સંપત્તિ સંચય એ ઘરગથ્થુ નાણાકીય પ્રગતિનો પૂર્ણ માપદંડ નથી. વૈવિધ્ય, જોખમ સંરક્ષણ અને લાંબા ગાળાનું સંપત્તિ નિર્માણ અગત્યની બાબતો છે. વ્યાપક વૈશ્વિક રિપોર્ટ પણ ૨૦૨૬માં નાણાકીય સંપત્તિ આશરે ૯ ટકા વધવાની અપેક્ષા રાખે છે, જો કે તે ચેતવણી આપે છે કે ભવિષ્યના લાભો બજારની કામગીરી, કોર્પોરેટ કમાણી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ની અનિશ્ચિત અસરો પર વધુને વધુ આધાર રાખશે. મધ્યમ ગાળામાં, એલિઆન્ઝ વૈશ્વિક નાણાકીય-સંપત્તિ વૃદ્ધિ વાર્ષિક આશરે ૫-૬ ટકા પર સ્થિર થવાની અપેક્ષા રાખે છે.

## ટુરિઝમ ઈન્ડેકસમાં ભારતની 9 ક્રમાંકની છલાંગ, પણ વિદેશી પ્રવાસીઓ ઘટયા

વિદેશમાં પ્રવાસ કરતા ભારતીયોની સંખ્યા ભારતીય પ્રવાસન સ્થળોની મુલાકાત લેનારા વિદેશી નાગરિકોની સંખ્યા કરતા વધી ગઈ: ટુરિઝમ ઈન્ડેકસમાં ભારતનો 9 ક્રમાંકની છલાંગ લગાવી દીધી છે અને 31માં ક્રમે પહોંચી ગયું છે, પણ વિદેશી પ્રવાસીઓમાં ઘટાડો જોવા મળી રહ્યો છે, જે એક ચિંતાજનક કહી શકાય. જેમાં પ્રથમ ક્રમાંક જાપાને મેળવ્યો છે. ત્યારબાદ યુએસ, સ્પેન, ઓસ્ટ્રેલિયા તથા ફ્રાન્સ એમ ટોપ-5 દેશોનો સમાવેશ થાય છે.

આ યાદીમાં ટોચના સ્થાને આર્થિક

**2025માં 3.3 કરોડ ભારતીયોએ વિદેશ પ્રવાસ પર 37 બિલિયન ડોલર ખર્ચ કર્યો, જ્યારે 2.1 કરોડ વિદેશી પ્રવાસીઓએ ભારતની મુલાકાત લીધી, જેનાથી 32 બિલિયન ડોલર વિદેશી હુંડિયામણની આવક થઇ**

રીતે વિકસિત દેશોનો દબદબો હોવા છતાં ચીન, ભારત ઈન્ડોનિશયા, મલેશિયા, થાઈલેન્ડ, વિયેટનામ, ફિલિપાઈન્સ, તુર્કીયે, મેકસીકો અને બ્રાઝીલ જેવા દેશોમાં પણ મજબૂત વૃદ્ધિ જોવાઇ રહી હોવાનું વર્લ્ડ ઈકોનોમી ફોરમે જણાવ્યું હતું. વર્લ્ડ હેરિટેજ કલ્ચર સાઈટસની સંખ્યાની યાદીમાં ચીન, ભારત અને મેક્સિકોએ ટોચના 10 દેશોમાં સ્થાન હાંસલ કર્યુ છે. જોકે, હજુય પર્યટન સેકટરના વિકાસ માટે



ભારતે કુશળ કર્મચારીઓ, પર્યાવરણની સાતત્યતા તથા ટુરિઝમ માળખાની ગુણવત્તા જેવી બાબતોમાંસુધારો કરવાની તાતી આવશ્યકતા છે.

મહત્વની બાબત એ છે કે, 2025ના વર્ષ દરમ્યાન વિદેશ પ્રવાસમાં ભારતીયોનો મોહ વધી રહ્યો છે અને દરેક વર્ષે વિદેશ પ્રવાસમાં ભારતીયોની સંખ્યા વધી રહી છે. જોકે, તાજેતરમાં વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલ અને વિદેશી હુંડિયામણને ધ્યાનમાં રાખીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોનાની ખરીદી અને વિદેશ પ્રવાસ ટાળવા માટેની અપીલ કરી હતી. કેમ કે, 2025ના આંકડા જોઈએ તો ભારતીયોએ વિદેશ પ્રવાસ પર 37 બિલિયન ડોલરનો ખર્ચ કર્યો છે, આશરે 3.3 કરોડ ભારતીયોએ વિદેશ પ્રવાસ કર્યો હતો. જેની સરખામણીએ ભારતની મુલાકાત લેતા વિદેશ પ્રવાસીઓની સંખ્યા ઘટીને 2.1 કરોડ જ થઇ ગઇ છે, જેનાથી દેશને માત્ર 32 બિલિયન ડોલર વિદેશી હુંડિયામણની આવક થઇ હતી.

બીજી તરફ, પર્યટન નિષ્ણાતોનું કહેવું છે કે, વિદેશી પ્રવાસીઓને ભારતમાં આકર્ષવાની જરૂર છે. વધુમાં તેમની પરત યાત્રા દરમ્યાન તેમના અનુભવો અન્ય પ્રવાસીઓની સંખ્યામાં વધારો કરશે. ભારતમાં પર્યટનની માગનો અભાવ નથી, પણ પર્યટનની સુવિધાઓની ઉપલબ્ધતા, તેમનું ભૌગોલિક વિતરણ અને અન્ય સુવિધાઓ છે.

ભારતમાં પ્રવાસ કરનારા

**ઓફ-બીટ**

પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે. પ્રવાસન મંત્રાલય મુજબ 2025માં 4.34 અબજ ભારતીય પ્રવાસીઓ ભારતીય પ્રવાસન સ્થળની મુલાકાત લેશે, જે 2014માં 1.32 અબજ હતું. પ્રવાસન મંત્રાલય અનુસાર, ભારતમાં પ્રવાસન વધારવાની નોંધપાત્ર સંભાવના છે. હાલમાં, મોટી સંખ્યામાં એવા સ્થળો છે જ્યાં ઓછા પ્રવાસીઓ આવે છે. અને તેમને ઓળકવામાં આવી રહ્યા છે. પ્રવાસન સ્થળો પર સરળ અને ઝડપી કનેક્ટિવિટી મળી હે તે માટે એરપોર્ટ, રાષ્ટ્રીય ધોરીમાર્ગો, રેલવે સહિતની સુવિધાઓ ઝડપી વિસ્તરી રહી છે.